# નવા વરાયેલા પ્રધાનોનો ટૂંકમાં ઈતિહાસ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટે આજે શપથ લીધા હતા. સાત કેબિનેટ કક્ષાના અને નવ રાજ્ય કક્ષાના પ્રધાન તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા. આજે શપથ લેનાર પ્રધાનોનો ટૂંકમાં ઈતિહાસ નીચે મુજબ છે.

### નીતિનભાઇ રતિલાલ પટેલ

નીતિનભાઈ પટેલ ૨૫-મહેસાણા વિધાનસભા મતક્ષેત્રમાંથી ચૂંટાયા છે. તેમનો જન્મ તા. ૨૨મી જૂન ૧૯૫૬ના રોજ થયો છે. વાણિજ્ય સ્નાતક એવા પટેલના વ્યવસાયનું ક્ષેત્ર કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ ઈન્ડસ્ટ્રીઝ તથા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ છે. તેઓ આઠમી વિધાનસભા ૧૯૯૦ થી ૯૫, નવમી વિધાનસભા ૧૯૯૫-૯૭ દરમિયાન વિધાનસભા રહી ચૂક્યા છે. જ્યારે ૧૦મી ગુજરાત વિધાનસભા વર્ષ ૧૯૯૮-૨૦૦૨ દરમિયાન વિધાનસભાની ખાતરી સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને અંદાજ સમિતિના સભ્ય રહી ચૂક્યા છે. નવમી ગુજરાત વિધાનસભા દરમિયાન ૧૯મી માર્ચ ૧૯૯૫ થી તા. ૨૦ ઓક્ટોબર ૧૯૯૫ સુધી અને તા. ૨૧મી ઓક્ટોબર ૧૯૯૫ થી તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૬ સુધી ગુજરાત સરકારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રી હતા. દસમી ગુજરાત વિધાનસભા વર્ષ ૧૯૯૮-૨૦૦૨ દરમિયાન તા. ૩૧મી માર્ચ ૧૯૯૮ થી ગુજરાત સરકારમાં કૃષિ, નાની અને મધ્યમ સિંચાઈ યોજના વિભાગના મંત્રી તરીકે તથા તા. ૧૬મી મે ૧૯૯૯થી તા. ૭મી ઓક્ટોબર ૨૦૦૧ સુધી નાની અને મધ્યમ સિંચાઈ યોજના વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ (પંચાયત હસ્તકના કામો)ના મંત્રી તરીકે તેમજ તા. ૭ ઓક્ટોબર ૨૦૦૧ થી તા. ૨૨મી ડિસેમ્બર સુધી નાણા મંત્રી તેમજ મહેસુલ વિભાગનો વધારાનો હવાલો પણ તેમણે સંભાળ્યો હતો. તેઓ ૧૨મી વિધાનસભા ૨૦૦૭થી ૨૦૧૨ દરમિયાન રાજ્યના શહેરી વિકાસ પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મંત્રી હતા.

### આનંદીબેન મફતલાલ પટેલ

આનંદીબેન પટેલ ૪૧-ઘાટલોડીયા(અમદાવાદ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. તેઓ એમ.એસસી એમએડ સુવર્ણ ચંદ્રક વિજેતા છે. મોહિનીબા હાઈસ્કૂલ, અમદાવાદના નિવૃત્ત આચાર્ય એવા શ્રીમતી આનંદીબેન પટેલનો જન્મ તા. ૨૧ નવેમ્બર ૧૯૪૧ના રોજ થયો હતો. શ્રીમતી આનંદીબેન પટેલ વર્ષ ૧૯૯૪-૯૮ દરમિયાન રાજ્ય સભાના સભ્ય રહી ચૂક્યા છે. તેઓ દશમી ગુજરાત વિધાનસભા ૧૯૯૮-૨૦૦૨ અને અગિયારમી વિધાનસભા ૨૦૦૨-૦૭ તેમજ બારમી વિધાનસભા ૨૦૦૭-૨૦૧૨ દરમિયાન વિધાનસભા રહી ચૂક્યા છે. તેઓ માર્ચ ૧૯૯૮થી ડિસેમ્બર ૨૦૦૨ સુધી ગુજરાત સરકારમાં શિક્ષણ (પ્રૌઢશિક્ષણ સિવાય) (સ્વતંત્ર હવાલો) મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો) વિભાગના મંત્રી હતા. તેઓ અગિયારમી ગુજરાત વિધાનસભામાં ગુજરાત સરકારમાં શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક પ્રૌઢ) ઉચ્ચ અને ટેક. શિક્ષણ, મહિલા અને બાળ કલ્યાણ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી હતાં. તેઓએ બારમી વિધાનસભા દરમ્યાન મહેસુલ આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી.

### રમણલાલ ઇશ્વરલાલ વોરા

રમણલાલ વોરા ૨૮ - ઈડર વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયા છે. તેમનો જન્મ તા. ૨૬મી સપ્ટેમ્બર ૧૯૫૨ના રોજ થયો છે. તેમણે બી.એ.એલ.એલ.બી.નો અભ્યાસ કરી બેંકમાં સેવા બજાવી છે. બેંકના નિવૃત્ત કર્મચારી એવા શ્રી વોરા નવમી ગુજરાત વિધાનસભા વર્ષ ૧૯૯૫-૯૭, દસમી ગુજરાત વિધાસભા વર્ષ ૧૯૯૮-૨૦૦૨ તેમજ અગિયારમી ગુજરાત વિધાનસભા વર્ષ ૨૦૦૨-૨૦૦૭ દરમિયાન વિધાનસભા સભ્ય રહી ચૂક્યા છે. તા. ૧૯મી માર્ચ ૧૯૯૫ થી ૨૦ ઓક્ટોબર ૧૯૯૫ સુધી અને તા. ૨૧મી ઓક્ટોબર ૧૯૯૫ થી તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૬ સુધી તેઓ ગુજરાત સરકારમાં ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને સહકાર વિભાગના નાયબ મંત્રી હતા. દસમી ગુજરાત વિધાનસભા દરમિયાન તેઓ ગુજરાત સરકારમાં સહકાર (સ્વતંત્ર હવાલો), વહીવટી સુધારણા વિભાગના રાજ્ય મંત્રી હતા. જ્યારે અગિયારમી ગુજરાત વિધાનસભા દરમિયાન તેઓ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી હતા. શ્રી વોરા ૧૨મી વિધાનસભા વર્ષ ૨૦૦૭-૨૦૧૨ દરમિયાન રાજ્યના શિક્ષણ મંત્રી હતા.

### ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા

ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા તેરમી વિધાનસભામાં ૫૮ -ધોળકા વિધાનસભા મતવિભાગમાંથી ચૂંટાયા છે. તેઓનો જન્મ તા. ૮-૫-૧૯૫૦ના રોજ થયો હતો. તેઓ શિક્ષણ અને વકીલાતના અભ્યાસ સાથે સંકળાયેલા છે. તેમના પરિવારમાં પત્ની, એક પુત્ર અને બે પુત્રીઓ છે. ચુડાસમાએ બીએ (અંગ્રેજી), બીએડ. (અંગ્રેજી, હિન્દી), એલએલબી સુધીનું શિક્ષણ મેળવેલ છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અગાઉ આઠમી અને નવમી વિધાનસભાના સભ્ય હતા. અને ૧૯૯૦ અને ૧૯૯૫ના મંત્રીમંડળમાં તેમજ અગિયારમી વિધાનસભામાં કૃષિ, પશુપાલન મંત્રી તરીકે સેવાઓ આપી હતી. ચુડાસમા ભારતીય જનતા પક્ષ અમદાવાદના પ્રમુખ, ૧૯૮૧ થી ૧૯૮૩ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ અને ૧૯૮૪ થી ૧૯૮૬ સુધી ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પક્ષના મંત્રી તરીકે હતા. ચુડાસમા સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેમણે રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી છે.




### ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા

ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા તેરમી વિધાનસભામાં દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના માંગરોળ વિધાનસભા મત ક્ષેત્રમાંથી ચૂંટાયા છે. તેઓએ ૨૦૦૨ અને ૨૦૦૭થી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે જનપ્રતિનિધિની ઉમદા સેવામાં કાર્યરત છે. ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવાએ ગુજરાત વિધાસભાના ૧૬માં અધ્યક્ષબની આદિજાતિ સમાજના પ્રથમ અધ્યક્ષ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. ગણપતભાઈ વેસ્તાભાઈ વસાવા એમએ અનુસ્નાતકની ડિગ્રી ધરાવે છે. સન ૧૯૭૧ના જૂન મહિનાની ૧લી તારીખે જન્મેલા ગણપતભાઈ વસાવા સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામના વતની છે અને વનવાસી ક્ષેત્રમાં આદિવાસીઓના સર્વાંગીણ ઉત્કર્ષ અને કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રેરક અને સંસ્થાપક તરીકે યશસ્વી કારકિર્દી ધરાવે છે.

### પરષોત્તમભાઇ ઓધવજીભાઇ સોલંકી

પરષોત્તમભાઈ સોલંકી ૧૦૩-ભાવનગર (ગ્રામ્ય) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. ઈલેક્ટ્રિક એન્જિનીયરીંગનો ડિપ્લોમા ધરાવતા સોલંકીનો જન્મ તા. ૨૩મી મે, ૧૯૬૧ના રોજ થયો છે. બાંધકામ ક્ષેત્રે પ્રવૃત્ત સોલંકી દસમી વિધાનસભામાં ચૂંટાયા બાદ તા. ૧૩મી માર્ચ ૧૯૯૮થી ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નાયબ મંત્રી રહી ચૂક્યા છે. તેઓ અગિયારમી વિધાનસભામાં ઓગસ્ટ ૨૦૦૫થી પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌ સંવર્ધન વિભાગના રાજ્ય કક્ષાના પ્રધાન પણ રહી ચૂક્યા છે.

બારમી વિધાનસભામાં સોલંકી પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન વિભાગના રાજ્યમંત્રી હતા. વર્ષ ૧૯૯૨માં અંધેરી મુંબઈના નગર સેવક રહી ચૂકેલા સોલંકી અંધેરી મુંબઈ ખાતે સ્પે. એક્ઝીક્યુટીવ ઓફિસર પણ રહી ચૂક્યા છે.

### પરષોત્તમભાઇ ઓધવજીભાઇ સોલંકી

પરષોત્તમભાઈ સોલંકી ૧૦૩-ભાવનગર (ગ્રામ્ય) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. ઈલેક્ટ્રિક એન્જિનીયરીંગનો ડિપ્લોમા ધરાવતા સોલંકીનો જન્મ તા. ૨૩મી મે, ૧૯૬૧ના રોજ થયો છે. બાંધકામ ક્ષેત્રે પ્રવૃત્ત સોલંકી દસમી વિધાનસભામાં ચૂંટાયા બાદ તા. ૧૩મી માર્ચ ૧૯૯૮થી ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નાયબ મંત્રી રહી ચૂક્યા છે. તેઓ અગિયારમી વિધાનસભામાં ઓગસ્ટ ૨૦૦૫થી પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌ સંવર્ધન વિભાગના રાજ્ય કક્ષાના પ્રધાન પણ રહી ચૂક્યા છે. બારમી વિધાનસભામાં સોલંકી પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન વિભાગના રાજ્યમંત્રી હતા. વર્ષ ૧૯૯૨માં અંધેરી મુંબઈના નગર સેવક રહી ચૂકેલા સોલંકી અંધેરી મુંબઈ ખાતે સ્પે. એક્ઝીક્યુટીવ ઓફિસર પણ રહી ચૂક્યા છે.

### પરબતભાઇ સવાભાઇ પટેલ

પરબતભાઈ પટેલ ૮-થરાદ વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. તેમનો જન્મ તા. ૪ સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ થયો છે. તેમણે બીએલએલબીનો અભ્યાસ કર્યો છે. સમાજસેવા સાથે સંકળાયેલા પરબતભાઈ પટેલ વર્ષ ૧૯૮૫ અને વર્ષ ૧૯૯૫માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. પટેલ રાજ્યકક્ષાના નાણાં મંત્રી તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. બારમી વિધાનસભા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન તેઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પાણી પુરવઠો અને સહકાર વિભાગના રાજ્ય મંત્રી હતા. તેઓ બનાસડેરી તથા બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડિરેક્ટર તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. તેઓ વાવ-થરાદ આંજણા પટેલ કેળવણી મંડળના પ્રમુખ પણ છે.

### લીલાધરભાઇ ખોડાજી વાઘેલા

લીલાધરભાઈ ખોડાજી વાઘેલા ડીસા વિધાનસભા મતદાર વિભાગમાંથી ચૂંટાયા છે. તા. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૩૫માં પીંપળ, તા. ચાણસ્મા, જિ. પાટણમાં જન્મેલા વાઘેલા ખેતી, સમાજસેવા અને પત્રકારત્વના વ્યવસાયમાં જોડાયેલા છે. તેઓ પાંચમી ગુજરાત વિધાનસભા ૧૯૭૫-૮૦, સાતમી ગુજરાત વિધાનસભા ૧૯૮૫-૯૦, આઠમી ગુજરાત વિધાનસભા ૧૯૯૦-૯૫, દસમી ગુજરાત વિધાનસભા ૧૯૯૮-૨૦૦૨ અને બારમી ગુજરાત વિધાનસભા ૨૦૦૭-૨૦૧૨માં વિધાનસભા રહી ચૂક્યા છે. તેઓશ્રી દંડક ગુજરાત વિધાનસભા જનતાદળ (૧૯૮૫-૯૦), મંત્રી, પંચાયત અને ગ્રામ્ય ગૃહ નિર્માણ વિભાગ (૧૯૯૦-૯૫), રાજ્યકક્ષાના મંત્રી, ગ્રાહકોની બાબતો, ગ્રામવિકાસ (૧૯૯૦-૨૦૦૧), જેલ (સ્વતંત્ર હવાલો), કૃષિ ૨૦૦૧-૦૨, મંત્રી, શ્રમ અને રોજગાર (૨૦૦૭-૧૨) મંત્રીપદે રહી ચૂક્યા છે. અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા લીલાધરભાઈ વાઘેલા બનાસકાંઠા જિલ્લા આર્થિક પછાત સેવા સંઘ, બનાસકાંઠા જિલ્લા જનમોરચો, મધ્યાહન ભોજન યોજના મૂલ્યાંકન સમિતિ, ગુજરાત સરકાર, બનાસકાંઠા જિલ્લા ઠાકોર સમાજ સહિત અનેક સામાજિક શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ હોદ્દા પર રહી ચૂક્યા છે.

### વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી

વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી જામનગર(દક્ષિણ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. વ્યવસાયે પ્રાધ્યાપિકા એવા વસુબેન ત્રિવેદીએ એમ.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલો છે.

અગિયારી ગુજરાત વિધાનસભા(૨૦૦૨-૦૭, બારમી ગુજરાત વિધાનસભા(૨૦૦૭-૨૦૧૨) દરમિયાન વિધાનસભ્ય રહી ચુક્યા છે. તેમણે એકેડેમિક કાઉન્સીલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સેટેટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સેવાઓ આપી છે તેમજ ડીન, હોમ સાયન્સ ફેકલ્ટી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સેવાઓ આપી છે.

### કવાડિયા જયંતિલાલ રામજીભાઈ

જયંતિલાલા રામજીભાઈ કવાડિયા તેરમી વિધાનસભામાં ૬૪-ધ્રાંગધ્રા-હળવદ વિધાનસભા મતવિભાગમાંથી ચૂંટાયા છે. તેઓ અગાઉ ૧૯૯૫થી હળવદ સુધી વિધાનસભા વિસ્તારમાં ત્રણ વખત વિજેતા થયેલા છે. તેઓએ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત મુંબઈ શિવસેનાથી ૧૯૭૮થી કરેલ હતી. ૧૯૮૫માં મોરબી મંડળના ઉપપ્રમુખ તરીકે, મોરબી નાગરિક બેંકમાં ડીરેક્ટર તરીકે, કિસાન પ્રદેશ મોરચાના મહામંત્રી તરીકે સેવાઓ આપી હતી.

### રજનીકાંત સોમાભાઈ પટેલ

રજનીકાંત સોમાભાઈ પટેલ બેચરાજી વિધાનસભા મહવિસ્તારમાંથી ચૂંટાયા છે. ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા રજનીકાંત પટેલનો જન્મ ત્રીજી જાન્યુઆરી ૧૯૬૮માં ભલગામડા, તા. બેચરાજી, જિ. મહેસાણા ખાતે થયો. તેઓએ એફ.વાય.બી.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો છે. બારમી ગુજરાત વિધાનસભામાં ચાણસ્મા મતવિભાગનું તેઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું. પ્રમુખ, વિવેદાનંદચેરીટેબલ ટ્રસ્ટ, મોઢેરા જળસ્રાવ મંડળ -૧ તરીકે તેઓએ સેવાઓ આપી છે.

### પ્રદીપસિંહ જાડેજા

પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા તેરમી વિધાનસભામાં ૪૩ વટવા વિધાનસભા મતક્ષેત્રમાંથી ચૂંટાયા છે. જાડેજા રસાયણશાસ્ત્રના વિષય સાથે વિજ્ઞાનપ્રવાહમાં સ્નાતક થયા છે. કેમીકલ કન્સલ્ટન્સીના વ્યવસાય સાથે સંકળાયેલા જાડેજા અગિયારમી ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૦૨-૨૦૦૭ દરમિયાન ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ રહ્યા છે.

### નાનુભાઇ ભગવાનભાઇ વાનાણી

નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી તેરમી વિધાનસભામાં કતારગામ મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. તેઓ હીરાના વેપારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૫૬ના રોજ પાટી, તા. બોટાદ, જિ. ભાવનગર ખાતે જન્મેલા નાનુભાઈ વાનાણીના પરિવારમાં પત્ની અને બે પુત્રો છે.


બારમી વિધાનસભા ૨૦૦૭-૨૦૧૨માં (સુરત ઉત્તર)નું તેમણે વિધાનસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું. પૂર્વ પ્રમુખ, સુરત ડાયમંડ એસોસીએશન, મંત્રી, ગુજરાત હીરા બુર્સ (ડેવલપર જેમ એન્ડ જવેલરી એસઈઝેડ, સુરત) પ્રમુખ, બોટાદ તાલુકા સમસ્ત પટેલ સમાજ સુરત, ચેરમેન બોટાદ અર્બન કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી, સુરત, સ્પેશ્યલ ઈન્વાઈટી મેમ્બર, સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને મહામંત્રી, ભારતીય જનતા પક્ષ સુરત તરીકે સેવાઓ આપી છે.

### ગોવિંદભાઇ ઉકાભાઇ પટેલ

ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ તેરમી વિધાનસભામાં રાજકોટ (દક્ષિણ)માંથી ચૂંટાયા છે. તેમણે બીકોમ સુધીનો અભ્યાસ કર્યો છે. ખેતી અને વેપારના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓએ બારમી વિધાનસભા ૨૦૦૭-૨૦૧૨માં રાજકોટ-૧ મત વિભાગનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તા. ૭મી ઓગસ્ટ, ૧૯૪૯માં ડાંગરવાડા, તા. કાલાવાડ, જિ. જામનગર ખાતે જન્મેલા શ્રી ગોવિંદભાઈ અનેકવિધ સામાજિક -રાજકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.

## શબ્દાવલી - ૪૯૩૩




### આડી ચાવી

૨. જુદુ, અલગ (૪)
૫. વગ, ઓળખાણ (૪)
૬. કંસાર (૩)
૯. એક વાદ્ય (૪)
૧૦. ખંજવાળ, ચળ (૩)
૧૩. એક ધાન્ય (૨)
૧૫. એક ધાન્ય (૨)
૧૭. જરાક પણ, એક... પણ (૨)
૧૯. પાતળી આંખે ન દેખાય તેવી તિરાડ (૩)
૨૦. અત્યારે (૩)
૨૨. ચોરી કરે તે (૨)
૨૩. સંબંધ (૪)

### ઊભી ચાવી

૧. લાયક ન હોય તેવું (૪)
૨. વિસામણ (૪)
૩. મોકો, તક (૨)
૪. પ્યાર, લાડ (૩)
૭. ખાંડની એક બનાવટ (૩)
૮. તાળું મારવું, ... મારવું (૨)
૯. કાપવાનું એક સાધન (૪)
૧૧. છૂટક, ઢીલું (૨)
૧૨. સમશેર (૪)
૧૪. પ્રમાણ, સાબિતી (૪)
૧૬. ગાયન (૨)
૧૮. પતિ, સ્ત્રીનો... (૩)
૨૧. સવા નવને પાંચ એટલે... થાય (૨)

### શબ્દાવલી ૪૯૩૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) નિર્ધારિત (૩) સંતાન (૬) પેસવું (૭) રાતોરાત (૧૦) ડમરૂ (૧૨) હાલ (૧૪) આડુ (૧૫) સગપણ (૧૬) જાવ (૧૭) લહેરખી (૧૯) લજ્જા (૨૦) ખબરદાર

**ઊભી ચાવી :-** (૧) નિચોડ (૨) તનતોડ (૩) સંપેતરૂ (૪) તાસ (૫) નવુ (૮) રામજી (૯) સુહાગ (૧૧) ધાડુ (૧૩) લપટુ (૧૪) આવરદા (૧૫) સવાલ (૧૬) મહેર (૧૭) લબ (૧૮) ખીર

## શપથવિધિ : હાઈલાઈટ્સ

નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ચોથી વખત શપથ લીધા હતા. શપથવિધિમાં ભાજપના દિગ્ગજ નેતાઓ સહિત સમગ્ર દેશના ઘણા રાજ્યોના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ પ્રથમ વખત પહેલી ઓક્ટોબર ૨૦૦૧માં ત્યારબાદ ૨૦૦૨માં અને ૨૦૦૭માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ભાજપે હાલમાં જ વિધાનસભાની ચૂંટણીમાં ૧૧૫ બેઠકો જીતી હતી જે સામાન્ય બહુમતના આંકડા કરતા ૨૩ સીટો વધારે છે. હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

- સુરતના કતાર ગામમાંથી બીજી વખત ધારાસભ્ય ચૂંટાયેલા નાનુ વસાણીએ રાજ્યમંત્રી તરીકે શપથ લીધા
- ગોવિંદભાઈ પટેલે પ્રધાન તરીકે શપથ લીધા. રાજકોટ દક્ષિણથી બીજી વખત ચૂંટાયેલા પટેલ પ્રથમ વખત પ્રધાન બન્યા છે
- બેચરાજીથી બીજી વખત ચૂંટાયેલા રજનીકાંત પટેલે પણ શપથ લીધા હતા. કડવા પટેલ સમુદાયના પ્રથમ નેતા મંત્રી બન્યા છે
- લીલાધર વાઘેલાને પણ મંત્રી બનાવવામાં આવ્યા છે તેઓ છેલ્લી સરકારમાં શ્રમ પ્રધાન તરીકે હતા. તેઓ છઠ્ઠી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે
- ચોથી વખત ધારાસભ્ય બનેલા પ્રદિપસિંહ જાડેજાને પણ પ્રધાન તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા. છેલ્લી સરકારમાં તેઓ પ્રધાન હતા
- જામનગરમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા વસુબેન ત્રિવેદી છેલ્લી સરકારમાં ઉચ્ચ શિક્ષણ પ્રધાન હતા
- થરાદમાંથી ચૂંટાયેલા પરબત પટેલને પણ પ્રધાન તરીકે શપથ લેવડાવવામાં આવ્યા છે
- પૂર્વ મત્સ્ય પ્રધાન પરષોત્તમ સોલંકીને પણ પ્રધાન તરીકે શપથ અપાવવામાં આવ્યા છે. ભાવનગર ગ્રામિણ બેઠક ઉપર તેઓએ શક્તિસિંહ ગોહિલને હાર આપી હતી
- પોરબંદરમાંથી ધારાસભ્ય બાબુ બોખેરિયાએ પણ પ્રધાન તરીકે શપથ લીધા
- ગણપતભાઈ વસાવાને પણ રાજ્યપાલ દ્વારા શપથ અપાવવામાં આવી હતી તેઓ છેલ્લી વિધાનસભામાં સ્પિકર તરીકે હતા. તેઓ માંગરોળ બેઠકમાંથી ચૂંટાયા હતા
- દિગ્ગજ ભાજપ નેતા સૌરભ પટેલને ફરી પ્રધાન બનાવવામાં આવ્યા છે. અકોટના ધારાસભ્ય છેલ્લી સરકારમાં ઉદ્યોગરાજ્યમંત્રી હતા
- પૂર્વ કૃષિ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને પણ પ્રધાન તરીકે શપથ લેવડાવાયા છે. ધોળકામાંથી ધારાસભ્ય ચૂડાસમા મોટા ક્ષત્રિય નેતાઓમાં સ્થાન ધરાવે છે
- પૂર્વ શિક્ષણ પ્રધાન રમણલાલ વોરાએ પણ શપથ લીધા હતા તેઓ ઈડરમાંથી ચૂંટાઈ આવ્યા હતા
- ઘાટલોડિયામાંથી ચૂંટાઈ આવેલા આનંદીબેન પટેલ અગાઉની સરકારમાં પણ પ્રધાન હતા
- મોદી બાદ નીતિન પટેલે શપથ લીધા હતા. તેઓ ચોથી વખત મહેસાણામાંથી ધારાસભ્ય બન્યા છે
- નરેન્દ્ર મોદીએ ૧૧.૫૦ મિનિટે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા
- મોદીએ મંચ ઉપર ઉપસ્થિત તમામ દિગ્ગજ નેતાઓ અને અન્ય હસ્તીી સાથે હાથ મિલાવીને સ્વાગત કર્યુ હતુ
- ઉદ્યોગપતિ સુબ્રોતો પણ શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા
- મોદી ૧૧.૧૦ મિનિટે મંચ પર પહોંચ્યા હતા
- સરદાર પટેલ સ્ટેડિયમ પર મોટી સંખ્યામાં ચાહકો પહોંચ્યા
- કાર્યક્રમમાં હાજરી આપવા ભાજપના તમામ નેતાઓ પહોંચ્યા
- બિગબોસ છોડીને પ્રચાર માટે ગુજરાતમાં આવેલા નવજોત સિદ્ધુ પણ મંચ પર પહોંચ્યા હતા
- તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતા પણ ઉપસ્થિત રહ્યા
- મોદીના માતા પણ શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા

વડીલોને વંદન

અભિનંદન




પ્રેમશંકર વસનજી ભટ્ટ
(૧૯૨૭) ફોન: ૨૩૨૬૦૨૪૭

## ચોથીવાર મુખ્યમંત્રી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મોદી સાથે હમેશા ખેંચતાણ ધરાવતા બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમાર અને જેડીયુના અન્ય કોઈ પણ નેતાઓ શપથવિધિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ન હતા. બિહારના રાજકારણના સમીકરણોને ધ્યાનમાં લઈને જેડીયુના નેતાઓ શપથવિધિમાં ઉપસ્થિત રહ્યા ન હતા. શપથવિધિના એક દિવસ પહેલાં જ સ્ટેડિયમ તરફ દોરી જતાં તમામ રસ્તાઓને વધુ વ્યવસ્થિત અને સ્વચ્છ બનાવી દેવામાં આવ્યા હતા. રસ્તાઓ ઉપર કલર કામ પણ કરવામાં આવ્યું હતું. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં મોદીએ શાનદાર હેટ્રીક નોંધાવી હતી. શપથવિધિ કાર્યક્રમમાં કોંગ્રેસના નેતાઓ ઉપસ્થિત રહ્યા ન હતા. શપથવિધિનો બહિષ્કાર કરવાની પહેલાથી જ જાહેરાત કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.

ટચૂકડી જાહેર ખબર



**ફ્લેટ વેચવાનો છે**

2 BHK, મેઝનીન ફ્લોર, ટેરેસમાં બે બેડરૂમના પ્લાનીંગ (૬૬.૨૫ ચો.મી) બાંધકામ સાથે, પ્લોટ નં. ૨૬૫/૩, આયુર્વેદિક દવાખાના સામે, સેક્ટર-૨૯/બી, ગાંધીનગર. ફક્ત રજાના દિવસે

**(કિંમત ૫૫ લાખ)**

**સંપર્ક : ૯૪૨૮૪ ૧૯૮૧૩ ૯૭૧૨૫ ૭૮૫૫૪ ૯૮૭૯૫ ૨૪૧૧૨**

નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફિસર, કડી, જીલ્લો : મહેસાણા

## જાહેરનામું

જમીન સંપાદન અધિનિયમ સને ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

વળતર કેસ નંબર :

જીલ્લો : મહેસાણા તાલુકો : બેચરાજી ગામ : સાંપાવાડા

નંબર : ૨/૧૨ તારીખ : ૨૧/૧૧/૨૦૧૨

નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર કડી, જી. મહેસાણાના જાહેરનામા ક્રમાંક એલએક્યુ/કેસ/એસઆર/૧/૧૨ તા. ૨૩-૪-૧૨ અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે, આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ જમીન (હવે પછી જેનો ઉલ્લેખ 'જમીનો' તરીકે કર્યો છે. આ સાથેની અનુસુચિમાં જણાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર, કડી, જી. મહેસાણાને જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫ (ક)ની પેટા કલમ (૨) મુજબના અહેવાલને વિચારણામાં લીધા બાદ એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરીછે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૨૬-૮-૨૦૧૦ના મહેસુલ વિભાગના સરકારી જાહેરાનમા ક્રમાંક: **ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ.૧** સાથે વાંચતાં જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ સરકારશ્રીએ સદરહુ જમીનોના સંબંધમાં હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં સદરહુ અધિનિયમની કલમ-૫(ક) હેઠળના કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર, કડી, જી. મહેસાણાને નીમેલ છે અને ફક્ત જમીનોના સંપાદન માટેના હુકમ કરવા પણ અધિનિયમની કલમ-૭ અન્વયે ફરમાવવામાં આવેલ છે.

ઉક્ત જમીનનો નકશો નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસરની કચેરી, માર્કેટ યાર્ડ, કડી, જિ. મહેસાણા ખાતે કચેરી સમય દરમિયાન તપાસી શકાશે.

### અનુસુચિ

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હેઆરેચોમી) | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| ૨ | ૩ | ૪ |
| ૬૭ પૈકી ૧ | ૦/૧૧/૧૫ | બીલીયા-બેચરાજી રોડ (એમ.ડી.આર.) |

**સહી/-**
**(એચ.એસ. પટેલ)**
**નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફીસર**
**કડી, જિ. મહેસાણા**

**સહી/-**
**(રાજકુમાર બેનીવાલ)**
**કલેક્ટર,**
**મહેસાણા**

**ક્રમાંક:નામાનિ/મહે/૩૪૫/૧૨-૧૩**